# એનએસઈએલમાં ઉભી કરાયેલી કટોકટી અને રાજકીય ષડયંત્રનો પદાર્ફાશ કરતું પુસ્તક બન્યુ પોપ્યુલર

## માત્ર ૯૦ દિવસમાં સૌથી વધુ વેચાતા નંબર ૧ પુસ્તક તરીકે એમેઝોન અને ક્રોસવર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યાબાદ ગુજરાતી આવૃતિ પ્રસિધ્ધ




અમરેલી, ગુજરાતીઓની ઉદ્યોગસાહસિકતા અને માર્કેટની નાડપારખુ શકિ સમગ્ર વિ માં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહી પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિ કક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠીઉંચેઢં સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનુંઆલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રેએ 'ધ ટાર્ગેટ નામના પુસ્તકમાં કર્યુહતું. શાંતનૂ ગૂહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિ માં સેથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. પુસ્તક વિશે: 'ધ ટાર્ગેટ' પુસ્તકનું આમુખ લેખક, કટારલેખક અને સમીક્ષક સુહેલ શેઠે લખ્યું છે તથા દિલ્હીની આથર્સઅપફ્રન્ટ સંસ્થા તેનું વિતરણ કરી રહી છે. ૧૯૫ રૂપિયા મૂલ્ય ધરાવતું આ પુસ્તક અમેઝોન ઉપરાંત ભારતના અનેક લોકપ્રિય પુસ્તકવિક્રેતાઓ પાસે ઉપલબ્ધ છે. લેખક વિશે: શાંતનૂ ગુહા રે વ્હોર્ટનના પ્રશિક્ષિત પત્રકાર છે. તેમણે અનેક સંશોધનાત્મક અહેવાલો તૈયાર કર્યા છે. ગર્ભાશયના મુખના કન્સર સંબંધે માનવીઓ પર થઈ રહેલા અખતરાની પોલ તેમણે ખોલી કાઢી છે. તેઓ 'લાડલી' અને 'રામનાથ ગોએન્કા' પુરસ્કારના વિજેતા છે. ફોટો કેપ્શન: 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કરી રહેલા લેખક શાંતનૂ ગુહા રે (ડાબે) અને તેમની સાથે પુસ્તકના વિતરણકર્તા 'આથર્સઅપફ્રન્ટ'ના મનીષ પુરોહિત નજરે પડે છે.